જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

જલભેદ

(અન્વય-ભાવાર્થ સહિત)

અન્વય-ભાવાર્થ :

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા)

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

શ્રીમદ્‌જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

જલભેદ (સરળસાર)

લેખક : ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'ષોડશગ્રન્થો (સરળસાર)' માંથી ઉદ્ધૃત

જલભેદ ગ્રન્થની રચના શ્રીવલ્લભાચાર્યજીએ ક્યારે અને ક્યાં કરી અને ચોર્યાસી વૈષ્ણવો પૈકી આ ગ્રન્થ કોને ભણાવ્યો તેની કોઇ વિગત ઇતિહાસમાંથી જાણવા મળતી નથી. આ ગ્રન્થમાં કુલ ૨૧ શ્લોકો છે.

ભગવાનના નામનો મહિમા સર્વ શાસ્ત્રોમાં ખૂબ જ ગાવામાં આવ્યો છે. શ્રીચૈતન્ય મહાપ્રભુના સમ્પ્રદાયમાં તો શ્રીકૃષ્ણનું એક વખતનું નામ-ઉચ્ચારણ પણ કરોડો જન્મોના પાપોને બાળી નાખવા સક્ષમ છે એમ કહેવામાં આવ્યું છે. જ્યારે આ દુનિયામાં એમ જોવા-સાંભળવામાં આવે છે કે દુનિયાના અઢળક લોકો ભગવાનના નામનું ઉચ્ચારણ કોઇને કોઇ કારણથી કરતાં જ હોય છે, છતાં પણ દરેકને નામ લેવાનું ફળ જુદું-જુદું થતું યા થયેલું જોવામાં આવે છે. તો એક જ ભગવાનના નામનાં ફળ જુદાં-જુદાં કેમ ? તેવી જ રીતે શાસ્ત્રોમાં પણ ક્યાંક ભગવાનનું નામ જીવને સંસારથી તારનાર છે અને તેથી જ ભગવાને આ જગતમાં અવતાર લઇને પોતાની કીર્તિ પોતાની લીલાઓ દ્વારા સ્થાપન કરી છે કે જેથી જીવો ભગવાનની લીલાઓ - ભગવાનનાં નામો - ભગવાનના ગુણો ગાઇને સંસારના અંધકારમાંથી પાર થઇને પ્રભુનો પ્રકાશ પામી શકે, તો ક્યાંક શાસ્ત્રોમાં એમ પણ કહ્યું છે કે જે લોકો ભીખ મેળવવાની ઇચ્છાથી ભગવાનનું નામ લેતા હોય તેવા લોકોથી ભક્તિ કરનારાઓએ-પોતાનું કલ્યાણ ઇચ્છનારાઓએ સો ગાઉ દૂર રહેવું. તો ભલે કારણ કોઇ પણ હોય, પરન્તુ નામ તો ભગવાનનું જ લે છે તો પછી તેનાથી પણ સંસાર તરવાનું જ ફળ થવું જોઇએ, તો અહીં આમ કેમ કહ્યું છે ? તેવી જ રીતે ભાગવતના સાતમા સ્કન્ધમાં નારદજીએ પોતાના પૂર્વજન્મની વાત કહી છે, તેમાં પૂર્વ જન્મમાં નારદજી દેવયોનિમાં દેવતાઓ સમક્ષ ગાન કરનારા (દેવોના સંગીતકાર) ગંધર્વ હતા અને એક વખત

સત્યલોકમાં શરાબમાં મદોન્મત્ત બનેલા અને કામી સ્ત્રીઓથી વિંટળાયેલા લમ્પટ બનીને ભગવાનનાં નામોને વેદની શ્રુતિઓ વડે ગાઈ રહ્યા હતા ત્યારે બ્રહ્માજીનો શાપ થયો. તો ભગવાનનું નામ લેવાથી સંસાર તરવાનું ફળ થવું જોઈએ તેની જગ્યાએ શાપ મળવાનું ફળ કેમ થયું ? તેવી જ રીતે ઘણે ઠેકાણે એમ પણ જોવા મળે છે કે ખૂબ જ ભગવાનનું નામ લેનારા અને ખૂબ જ ભગવાનની કથા સાંભળનારા કે ભગવાનની સેવા કરનારા લોકો વડે લોકમાં અને શાસ્ત્રોમાં જેની ઘણી નિંદા કરવામાં આવી છે તેવાં નિંદ્ય કર્મો કરાતાં જોવા મળે છે. તો ભગવાનનું ઘણું નામ લઈને પણ તેમની આટલી બધી સંસારમાં પ્રવૃત્તિ કેમ કરીને ? તો વાલ્મીકિ ઋષિ જેવાના દાખલામાં અતિશય ક્રૂર ડાકુ હોઈને પણ કેવળ ભગવાન શ્રીરામના નામના પ્રભાવે બધું ત્યાગી ઋષિ બની ગયા. તેથી કરીને આ બધું જુદાપણું જોવા મળતું હોઈ ભગવાનના નામ-ગુણમાં સંદેહ થાય છે કે ખરેખર શું છે ? આવા બધા અનેક પ્રશ્નોનો ઉત્તર આ ગ્રન્થથી મળી રહે છે.

ભગવાનના નામ-ગુણને ગાનારા-બોલનારા લોકોને વીસ ભાગે જુદા પાડી જલના દૃષ્ટાન્તથી ઉપર જણાવેલ જુદાપણાના પ્રશ્નનો ઉત્તર આમાં આપવામાં આવ્યો છે. જેમ જળ એ જળ છે, એક સરખું અને ઉત્તમ જીવનપ્રદ ગુણવાળું છે, છતાં પણ કૂવો-વાવડી, નહેર, ખેતરની નીક, નદીના પ્રવાહના વચમાં ક્યાંક બનેલું હ્રદ, કમળથી ભરપૂર સરોવર, ખાડામાં ભરાયેલું જળ, વરસાદનું જળ, પરસેવાનું જળ, ઝાકળનું જળ, ઝરણાનું જળ, મોટા સ્થિર સરોવરનું જળ, નદીનું જળ, મોટી અને વિશાલ નદીનું જળ, સમુદ્રનું જળ વગેરેથી એનું જુદાપણું દેખાય છે અને તેના-તેના ગુણો પણ જુદા જુદા થાય છે, કોઈક જળ વ્યવહાર યોગ્ય હોય છે અને કોઈક વ્યવહાર યોગ્ય નથી હોતું. તેમજ કોઈક જળ પીવાના કે રસોઈ બનાવાના યોગ્ય નથી હોતું પણ તે સિવાયના બીજા ઉપયોગમાં લઈ શકાય તેવું હોય છે, તેમ ભગવાનના ગુણો પણ એક સમાન અને સદૈવ જીવનું કલ્યાણ કરનારા જ હોય છે તેમ છતાં પણ જેમ કૂવો-તળાવ-ખાડો વગેરે જળના આધારોના સમ્બન્ધથી તે જળ જુદા ગુણોને કરનારું થાય છે, તેમ ભગવાનના ગુણો જુદા-જુદા પ્રકારના ભગવાનના ગુણ ગાનારાઓ રૂપ આધારના સંબન્ધથી તેનાં ફળમાં જુદાપણું આવે છે. આને વધુ સમજવા માટે આ ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી એક આધારને જણાવે છે કે ‘વહેતી નદીમાંથી નહેર કાઢીને તે નહેર દ્વારા ખેતરમાં લઈ જવાયેલ જળ’ એટલે વહેતી ગંગા કે યમુનાના જળના ગુણ એ પોતાના અલગ છે, પણ તેમાંથી નહેર કાઢવામાં આવે ત્યારે તેમાંથી ભૌતિક ગુણ રહીને પણ સ્નાન-પાનથી પુણ્ય ઉત્પન્ન થવું, આધ્યાત્મિક પવિત્રતા મળવી વગેરે તીર્થ સંબન્ધી જે ગુણો છે તે તેમાં નથી હોતાં, આટલું તેમાં જુદાપણું આવે છે છતાં પણ તેનાથી ભૌતિક શુદ્ધિ થવા રૂપ ગુણ છે તે તો ઉત્તમ છે જ - તે જ ગંગાની નહેરનું જળ જ્યારે બીજ વાવેલા ખેતરમાં પ્રવેશેલું હોય છે ત્યારે તે પ્રવેશેલું અને ખેતી માટે ખેતરમાં નીકો (ક્યારીઓ) બનાવવામાં આવે છે તેમાં ભરાયેલું જળ ભૌતિક કે આધ્યાત્મિક કોઈ પણ પ્રકારની શુદ્ધિ માટે ઉપયોગી રહેતું નથી બલ્કે ખેતરમાં વાવેલા બીજને જ ઉગાડવાનું - વૃદ્ધિ કરવાનું કાર્ય કરે છે, તેમ સ્ત્રીમાં કે શરીરમાં અથવા પોતાના કે કુટુંબના ભરણપોષણમાં જ જેમનું મન વ્યસ્ત છે તેવા લોકોના હૃદયમાં રહેલો ભાવ તેની સાથે ભગવાનના ગુણનો સંબન્ધ થઈને પણ તે ગુણ તેમના હૃદયમાં સેવેલા કુટુંબપોષણ - સ્ત્રી -શરીર વગેરે સાથેના સાંસારિક ભાવોની જ વૃદ્ધિ કરે છે. એટલે કે આવા લોકોના મુખથી ભગવાનનું નામ નીકળીને પણ તે લોકો કુટુંબના ભરણ પોષણ ને માટે જ અને તે મુજબ જ ભગવાનનું નામ લેતા હોય છે તેથી આવા લોકોના મુખથી ભગવાનના ગુણો સાંભળીને પણ સાંભળનારના મનમાં પણ જે સાંસારિક ભાવો છે તેને જ વધારનાર બને છે.

આ પ્રકારે આ ગ્રન્થ વડે ભગવાનના ગુણ ગાનારા ગાયકો અને વક્તાઓનું શું સ્વરૂપ છે અને તેનાથી શું ફળ થાય છે તે સારી રીતે જાણી શકાય છે જેથી કયા લોકોએ કેવાઓથી ભગવાનના ગુણો સાંભળવા અને કેવા વક્તાઓને સાંભળવાથી શું હાનિ થાય છે તે જાણી તેવા લોકોનો સંગ ન કરવો એનો નિશ્ચય આ ગ્રન્થથી થઈ શકે છે.

આ ગ્રન્થમાં જે જલના જુદા-જુદા ભેદો જણાવ્યા છે તે વેદની તૈત્તિરીય સંહિતામાં અપાહોમ માટેના મંત્રમાં જે જળના જુદા-જુદા પ્રકારો જણાવ્યા છે તેને અનુસરીને અહીં ભેદો બતાવ્યા છે તેથી આ ગ્રન્થનું નામ ‘જલભેદ’ છે.

* * *

અપા હોમના કૃષ્ણયજુર્વેદ, તૈત્તિરીય શાખા સંહિતામાં આવેલા મંત્રો કાંડ-૭, પ્રપાઠક-૪, અનુવાક -૧૩

(૧) કૂપ્યાભ્યઃ સ્વાહા, (૨) કુલ્યાભ્યઃ સ્વાહા, (૩) વિકર્યાભ્યઃ સ્વાહા, (૪) અવટ્યાભ્યઃ સ્વાહા, (૫) ખન્યાભ્યઃ સ્વાહા, (૬) હ્રદ્યાભ્યઃ સ્વાહા, (૭) સૂદ્યાભ્યઃ સ્વાહા, (૮) સરસ્યાભ્યઃ સ્વાહા, (૯) વૈશન્તીભ્યઃ સ્વાહા, (૧૦) પલ્વલ્યાભ્યઃ સ્વાહા, (૧૧) વર્ષ્યાભ્યઃ સ્વાહા, (૧૨) અવર્ષ્યાભ્યઃ સ્વાહા, (૧૩) હ્રાદુનીભ્યઃ સ્વાહા, (૧૪) પૃષ્વાભ્યઃ સ્વાહા, (૧૫) સ્યન્દમાનાભ્યઃ સ્વાહા, (૧૬) સ્થાવરાભ્યઃ સ્વાહા, (૧૭) નાદેયીભ્યઃ સ્વાહા, (૧૮) સૈન્ધવીભ્યઃ સ્વાહા, (૧૯) સમુદ્રિયાભ્યઃ સ્વાહા, (૨૦) સર્વાભ્યઃ સ્વાહા ॥ ૧૩ ॥

અર્થ :-

(૧) **કૂપ્યાભ્યઃ -** કૂવાનું જલ, (૨) **કુલ્યાભ્યઃ -** પાણીની નહેરનું જલ, (મોટા જલાશયમાંથી બીજે પાણી લઈ જવા બનાવાયેલ કૃત્રિમ નદી), (૩) **વિકર્યાભ્યઃ** -પાણીની નહેરમાંથી ખેતરમાં પાણી વાળવા માટે ખેતરમાં બનાવેલી ક્યારીમાં ભરાયેલું જળ, (૪) **અવટ્યાભ્યઃ -** ગર્ત-ખાડામાં ભરાયેલું જળ (અથવા નદીમાંથી છુટ્ટા પડેલા-નદીએ ત્યાગેલા જલનો પ્રવાહ કે જે આઠ હજાર ધનુષથી ઓછી લંબાઈનો હોય એને શબ્દકોષમાં અને શાસ્ત્રમાં ગર્ત યા પ્રદર કહે છે), (૫) **ખન્યાભ્યઃ -** હાથ-પગ ધોવાયેલા તથા કોગળા વગેરેના દુષ્ટ જલના નિકાલના અર્થે જ ખોદીને બનાવેલા ખાડામાં ભેગું થયેલું જળ, (૬) **હ્રદ્યાભ્યઃ** મોટી નદીના પ્રવાહમાં કોઈક એક સ્થળે નદીથી સંલગ્ન એવા અગાધ જલવાળા સરોવર જેવા દેખાતા જલાશય=હ્રદ, તેનું જળ, (૭) **સૂદ્યાભ્યઃ** જેનું જલ સુન્દર-સમીચીન-સ્વાદવાળું અને ગુણકારક છે તેવા જલાશયનું જળ (અથવા વાવડીનું જળ), (૮) **સરસ્યાભ્યઃ** કમલોથી ભરપૂર એવા સરોવરનું જળ, (૯) **વૈશન્તીભ્યઃ** જેમાં દેડકાઓ જેવા નાના પ્રાણીઓ પ્રવેશીને તરી શકે તેવી નાની તલાવડીનું જળ, (૧૦) **પલ્વલ્યાભ્યઃ** જેમાં ભેંસો વગેરે મોટા પ્રાણિઓની પ્રવેશીને ગતિ થઈ શકે તેવી નાની - નવમા ભાવમાં કહેલી તલાવડી કરતાં કંઈક મોટી તલાવડીનું જળ, (૧૧) **વર્ષ્યાભ્યઃ** વરસાદમાં વરસેલું જળ, (૧૨) **અવર્ષ્યાભ્યઃ** પરસેવાનું (પસીનાનું) જળ, (૧૩) **હ્રાદુનીભ્યઃ** પહાડ પરથી ધારારૂપે નીચે પડતાં ચારે બાજુ ફેલાઈને પ્રવાહિત થતાં શબ્દ કરનાર ધોધનું જળ, (૧૪) **પૃષ્વાભ્યઃ** - જમીનમાંથી જાણે કે ઉત્પન્ન થયા હોય તેમ જણાતા ભૂમિ પર રહેલા ઓસના (ઝાકળના) બિન્દુઓનું જળ, (૧૫) **સ્યન્દમાનાભ્યઃ** - પહાડમાંથી ઝરતા ઝરણાનું જળ, (૧૬) **સ્થાવરાભ્યઃ** - જે ગરમીથી સૂકાય નહીં અને સ્નાન વગેરે માટે યોગ્ય-મોટી માત્રામાં એકત્ર-રાશીભૂત સ્થિર જળ, (૧૭) **નાદેયીભ્યઃ** - જેમાં ગરમીમાં ક્ષય અને વર્ષાકાલમાં વૃદ્ધિ થાય છતાં પણ સદા જલનો નિરન્તર પ્રવાહ બન્યો રહેતો હોય તેવી સાધારણ નાની-મોટી નદીનું જળ, (૧૮) **સૈન્ધવીભ્યઃ -** સમુદ્રમાં મળનારી મહાનદીનું જળ, (૧૯) **સમુદ્રિયાભ્યઃ** - સમુદ્રનું જલ, (આ ભાવ ના પેટા વિભાગમાં બીજા સાત ભાવો છે - (૧) ક્ષારોદ (ખારો સમુદ્ર), (૨) દધિ મંડોદ (મઠાનો - ખાટો સમુદ્ર), (૩) સુરોદ (મદિરાનો માદક સમુદ્ર), (૪) ઘૃતોદ (ઘીનો સ્નેહવાળો સમુદ્ર), (૫) ઈક્ષુરસોદ (શેરડીના રસનો મધુર સમુદ્ર), (૬) ક્ષીરોદ (દૂધનો અવ્યક્ત મધુર સમુદ્ર), (૭) અમૃતોદ-શુદ્ધોદ (શુદ્ધ મધુર જળનો સમુદ્ર), (૨૦) **સર્વાભ્યઃ** - પહેલાં કહેવાઈ ગયેલા ઓગણીસ ભાવોના જલમાંથી ઉદ્ધૃત કરેલું અથવા પાત્રમાંથી નીચે પડેલું જળ.

* * *

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

જલભેદ

નમસ્કૃત્ય હરિં વક્ષ્યે તદ્ગુણાનાં વિભેદકાન્ ।
ભાવાન્ વિંશતિધા ભિન્નાન્ સર્વસન્દેહવારકાન્ ॥ ૧ ॥

ગુણભેદાસ્તુ તાવન્તો યાવન્તો હિ જલે મતાઃ ।
ગાયકાઃ કૂપ સંકાશાઃ ગન્ધર્વા ઈતિ વિશ્રુતાઃ ॥ ૨ ॥

કૂપભેદાસ્તુ યાવન્તઃ તાવન્તસ્તેઽપિ સમ્મતાઃ ।
કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારમ્પર્યયુતા ભુવિ ॥ ૩ ॥

ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ ।
વેશ્યાદિ સહિતા મત્તા ગાયકા ગર્તસંજ્ઞિતાઃ ॥ ૪ ॥

જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ ।
હ્રદાસ્તુ પંડિતાઃ પ્રોક્તા ભગવચ્છાસ્ત્રતત્પરાઃ ॥ ૫ ॥

સન્દેહવારકાસ્તત્ર સૂદા ગમ્ભીરમાનસાઃ ।
સરઃકમલસમ્પૂર્ણા પ્રેમયુક્તાસ્તથા બુધાઃ ॥ ૬ ॥

અલ્પશ્રુતાઃ પ્રેમયુક્તા વેશન્તાઃ પરિકીર્તિતાઃ ।
કર્મશુદ્ધાઃ પલ્વલાનિ તથાલ્પશ્રુતિભક્તયઃ ॥ ૭ ॥

યોગધ્યાનાદિસંયુક્તા ગુણા વર્ષ્યાઃ પ્રકીર્તિતાઃ ।
તપોજ્ઞાનાદિભાવેન સ્વેદજાસ્તુ પ્રકીર્તિતાઃ ॥ ૮ ॥

અલૌકિકેન જ્ઞાનેન યે તુ પ્રોક્તા હરેર્ગુણાઃ ।
કાદાચિત્કાઃ શબ્દગમ્યાઃ પતચ્છબ્દાઃ પ્રકીર્તિતાઃ ॥ ૯ ॥

દેવાધુપાસનોદ્ભૂતાઃ પૃષ્વા ભૂમેરિવોદ્ગતાઃ ।
સાધનાદિપ્રકારેણ નવધા ભક્તિમાર્ગતઃ ॥ ૧૦ ॥

પ્રેમપૂર્ત્યા સ્ફુરદ્ધર્માઃ સ્યન્દમાનાઃ પ્રકીર્તિતાઃ ।
યાદશાસ્તાદશા પ્રોક્તા વૃદ્ધિક્ષય વિવર્જિતાઃ ॥ ૧૧ ॥

સ્થાવરાસ્તે મયા ખ્યાતા મર્યાદૈકપ્રતિષ્ઠિતાઃ ।
અનેકજન્મસંસિદ્ધા જન્મપ્રભૃતિ સર્વદા ॥ ૧૨ ॥

સંગાદિગુણદોષાભ્યાં વૃદ્ધિક્ષયયુતા ભુવિ ।
નિરન્તરોદ્ગમયુતા નધસ્તે પરિકીર્તિતાઃ ॥ ૧૩ ॥

એતાદશાઃ સ્વતંત્રાશ્ચેત્ સિન્ધવઃ પરિકીર્તિતાઃ ।
પૂર્ણા ભગવદીયા યે શેષવ્યાસાગ્નિમારુતાઃ ॥ ૧૪ ॥

જડનારદમૈત્રાધાસ્તે સમુદ્રાઃ પ્રકીર્તિતાઃ ।
લોકવેદગુણૈર્મિશ્રભાવેનૈકે હરેર્ગુણાન્ ॥ ૧૫ ॥

વર્ણયન્તિ સમુદ્રાસ્તે ક્ષારાધાઃ ષટ્પ્રકીર્તિતાઃ ।
ગુણાતીતતયા શુદ્ધાન્ સચ્ચિદાનન્દરૂપિણઃ ॥ ૧૬ ॥

સર્વાનેવ ગુણાન્ વિષ્ણોર્વર્ણયન્તિ વિચક્ષણાઃ ।
તેઽમૃતોદાઃ સમાખ્યાતાસ્તદ્વાક્પાનં સુદુર્લભમ્ ॥ ૧૭ ॥

તાદશાનાં ક્વચિદ્વાક્યં દૂતાનામિવ વર્ણિતમ્ ।
અજામિલાકર્ણનવદ્ બિન્દુપાનં પ્રકીર્તિતમ્ ॥ ૧૮ ॥

રાગાજ્ઞાનાદિભાવાનાં સર્વથા નાશનં યદા ।
તદા લેહનમિત્યુક્તં સ્વાનન્દોદ્ગમકારણમ્ ॥ ૧૯ ॥

ઉદ્ધૃતોદકવત્ સર્વે પતિતોદકવત્ તથા ।
ઉક્તાતિરિક્તવાક્યાનિ ફલં વાપિ તથા તતઃ ॥ ૨૦ ॥

ઈતિ જીવેન્દ્રિયગતા નાનાભાવં ગતા ભુવિ ।
રૂપતઃ ફલતશ્ચૈવ ગુણા વિષ્ણોર્નિરૂપિતાઃ ॥ ૨૧ ॥

॥ ઈતિ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત જલભેદ સમ્પૂર્ણ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

જલભેદ

(અન્વય-ભાવાર્થ સહિત)

નમસ્કૃત્ય હરિં વક્ષ્યે તદ્ગુણાનાં વિભેદકાન્ ।
ભાવાન્ વિંશતિધા ભિન્નાન્ સર્વસન્દેહવારકાન્ ॥ ૧ ॥

અન્વય : **હરિમ્** – શ્રીહરિને, **નમસ્કૃત્ય** – નમસ્કાર કરીને, **તદ્ગુણાનામ્** – તેમના ગુણોનો, **વિભેદકાન્** – વિશેષ પ્રકારે ભેદ કરનારા, **વિંશતિધા** – વીસ પ્રકારે, **ભિન્નાન્** – જુદા-જુદા, **સર્વસન્દેહવારકાન્** – સર્વ સન્દેહ દૂર કરનારા, **ભાવાન્** – ભાવોને, **વક્ષ્યે** – કહીશ ॥ ૧ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – શ્રીહરિને નમસ્કાર કરીને, તેમના ગુણોનો વિશેષ પ્રકારે ભેદ કરનારા વીસ પ્રકારે જુદા-જુદા સર્વ સન્દેહ દૂર કરનારા ભાવોને કહીશ ॥ ૧ ॥

ગુણભેદાસ્તુ તાવન્તો યાવન્તો હિ જલે મતાઃ ।
ગાયકાઃ કૂપ સંકાશાઃ ગન્ધર્વા ઈતિ વિશ્રુતાઃ ॥ ૨ ॥

અન્વય : **તુ** – તો, **હિ** – નિશ્ચય કરીને - નક્કી જ, **ગુણભેદાઃ** – ભગવાનના ગુણના ભેદો, **તાવન્તઃ** – તેટલા છે, **યાવન્તઃ** – જેટલા, **જલે** – જલવિષયમાં, **મતાઃ** – (શ્રુતિમાં) માનેલા છે, **(શ્રુતિ - 'કૂપ્યાભ્યઃ સ્વાહા' પહેલો ભાવ)** **ગન્ધર્વાઃ** – ગન્ધર્વો, **ઈતિ** – એમ (એ નામે), **વિશ્રુતાઃ** – (પુરાણ-વેદમાં) વિશેષ પ્રકારે પ્રસિદ્ધ, **ગાયકાઃ** – ગાન કરનારાઓ, **કૂપસંકાશાઃ** – કૂવા સમાન છે ॥ ૨ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – તો નિશ્ચય કરીને - નક્કી જ ભગવાનના ગુણોના ભેદો તેટલા છે જેટલા જલ વિષયમાં (શ્રુતિમાં) માનેલા છે. **(શ્રુતિ - 'કૂપ્યાભ્યઃ સ્વાહા' પહેલો ભાવ)** ગન્ધર્વો એમ (એ નામે) (પુરાણ-વેદમાં) વિશેષ પ્રકારે પ્રસિદ્ધ ગાન કરનારાઓ કૂવા સમાન છે ॥ ૨ ॥

કૂપભેદાસ્તુ યાવન્તઃ તાવન્તસ્તેઽપિ સમ્મતાઃ ।
કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારમ્પર્યયુતા ભુવિ ॥ ૩ ॥

અન્વય : **તુ** – વળી, **યાવન્તઃ** – જેટલા, **કૂપભેદાઃ** – કૂવાના ભેદો છે, **તાવન્તઃ** – તેટલા (જ), **તે** – તે (ગાયકોના ભેદો), **અપિ** – પણ, **સમ્મતાઃ** – સારી રીતે માનેલા છે, **(શ્રુતિ - 'કુલ્યાભ્યઃ સ્વાહા' બીજો ભાવ-)** **ભુવિ** – ભૂતળમાં, **પારમ્પર્યયુતાઃ** – પરમ્પરાથી યુક્ત થયેલા, **પૌરાણિકાઃ** – પુરાણ કથા કરનારાઓ, **કુલ્યાઃ** – પાણીની નહેર (સમાન), **પ્રોક્તાઃ** – કહ્યા છે ॥ ૩ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – વળી જેટલા કૂવાના ભેદો છે તેટલા (જ) તે (ગાયકોના ભેદો) પણ સારી રીતે માનેલા છે, **(શ્રુતિ - 'કુલ્યાભ્યઃ સ્વાહા' બીજો ભાવ-)** ભૂતળમાં પરમ્પરાથી યુક્ત થયેલા પુરાણ કથા કરનારાઓ પાણીની નહેર (સમાન) કહ્યા છે ॥ ૩ ॥

ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ ।
વેશ્યાદિ સહિતા મત્તા ગાયકા ગર્તસંજ્ઞિતાઃ ॥ ૪ ॥

અન્વય – **(શ્રુતિ - 'વિકર્યાભ્યઃ સ્વાહા' ત્રીજો ભાવ-)** **તે ચ** – અને તેઓ, **અપિ** – પણ (જો), **ક્ષેત્રપ્રવિષ્ટાઃ** – ક્ષેત્રમાં પ્રવિષ્ટ - પત્ની અથવા શરીરમાં આસક્તિવાળા હોય (તો), **સંસારોત્પત્તિહેતવઃ** – અહંતા-મમતાત્મક સંસારની ઉત્પત્તિના કારણ બને છે (તેથી આ ભાવવાળાઓ નહેરમાંથી નીક વાટે - કૃત્રિમ જલમાર્ગે ક્ષેત્ર એટલે ખેતરમાં પ્રવેશવા માટેની ક્યારીઓ સમાન છે), **(શ્રુતિ 'અવટ્યાભ્યઃ સ્વાહા' ચોથો ભાવ)** **વેશ્યાદિ સહિતાઃ** – વેશ્યા-કુલટા વગેરેના સંગવાળા, **મત્તાઃ** – ઉન્મત્ત બનેલા, **ગાયકાઃ** – ગાન કરનારાઓ, **ગર્તસંજ્ઞિતાઃ** – ગર્ત = પ્રદરના સમાન છે,

અથવા જેમાં જળ ભરાઈ રહે તેવા ખાડા સમાન છે. ॥ ૪ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (શ્રુતિ - 'વિકર્યાભ્યઃ સ્વાહા' ત્રીજો ભાવ) અને તેઓ પણ (જો) ક્ષેત્રમાં પ્રવિષ્ટ (પત્ની અથવા શરીરમાં આસક્તિવાળા) હોય (તો)અહંતા-મમતાત્મક સંસારની ઉત્પત્તિના કારણ બને છે (તેથી આ ભાવવાળાઓ નહેરમાંથી નીક વાટે - કૃત્રિમ જલમાર્ગે ક્ષેત્ર એટલે ખેતરમાં પ્રવેશવા માટેની ક્યારીઓ સમાન છે) **(શ્રુતિ - 'અવટ્યાભ્યઃ સ્વાહા' ચોથો ભાવ)** વેશ્યા-કુલટા વગેરેના સંગવાળા ઉન્મત્ત બનેલા ગાન કરનારાઓ ગર્ત = પ્રદરના સમાન છે, અથવા જેમાં જળ ભરાઈ રહે તેવા ખાડા સમાન છે. ॥ ૪ ॥

જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ ।

અન્વય – **(શ્રુતિ - 'ખન્યાભ્યઃ સ્વાહા' પાંચમો ભાવ)** (વળી) **નીચાઃ** – નીચ જાતિના, **ગાનોપજીવિનઃ** – ગાવાની આજીવિકા વડે જ પેટ ભરનારા, **તુ** – તો, **જલાર્થમેવ** – હાથ-પગ ધોવાના તથા કોગળા વગેરેના દુષ્ટ જલના નિકાલ અર્થે જ, **ગર્તાઃ**[1] – બનાવેલા ખાડા સમાન છે ।

ટિપ્પણસહિત ભાવાર્થ – (શ્રુતિ - 'ખન્યાભ્યઃ સ્વાહા' પાંચમો ભાવ) (વળી) નીચ જાતિના ગાવાની આજીવિકા વડે જ પેટ ભરનારા તો હાથ-પગ ધોવાયેલા તથા કોગળા વગેરેના દુષ્ટ જલના નિકાલ અર્થે જ ખોદીને બનાવેલા ખાડા સમાન છે ।

હ્રદાસ્તુ પંડિતાઃ પ્રોક્તા ભગવચ્છાસ્ત્રતત્પરાઃ ॥ ૫ ॥
સન્દેહવારકાસ્તત્ર સૂદા ગમ્ભીર માનસાઃ ।
સરઃકમલસમ્પૂર્ણાઃ પ્રેમયુક્તાસ્તથા બુધાઃ ॥ ૬ ॥

---

[1] ૧) **ગર્ત** - નદીમાંથી છુટ્ટા પડેલાં-નદીએ ત્યાગેલા જલનો પ્રવાહ કે જે આઠ હજાર ધનુષથી ઓછી લંબાઈનો હોય એને ગર્ત યા પ્રદર કહે છે. આવું જલ શાસ્ત્રની દૃષ્ટિએ શિષ્ટ લોકોને અર્થે સ્નાન-પાન વગેરે માટે યોગ્ય નથી હોતું.

અન્વય – **(શ્રુતિ - 'હ્રદ્યાભ્યઃ સ્વાહા' છઠ્ઠો ભાવ) પંડિતાઃ** – (પોતાનો અભીષ્ટ અર્થ ગ્રહણ કરનારી અને શાસ્ત્રથી બનેલી બુદ્ધિવાળા શાસ્ત્રદૃષ્ટા) પંડિતો (જો), **ભગવચ્છાસ્ત્રતત્પરાઃ** – (ગીતા-ભાગવત-પંચરાત્ર-વારાહપુરાણ વગેરે) ભગવાન વડે કહેવાયેલા એવા શાસ્ત્રોમાં નિષ્ઠાવાળા (હોય), **તુ** – તો (તેઓ), **હ્રદાઃ** – હ્રદ (મોટી નદીના પ્રવાહમાં કોઈક એક સ્થળે નદીથી સંલગ્ન એવું સરોવર જેવું જલાશય કે જેમાં અગાધ જલ હોય તે હ્રદ, તેના-) સમાન, **પ્રોક્તાઃ** – કહેવાયેલા છે ॥ ૫ ॥ **(શ્રુતિ - 'સૂદ્યાભ્યઃ સ્વાહા' સાતમો ભાવ) તત્ર** – તેમાં પણ, **ગંભીર–માનસાઃ** – જેમના હૃદયમાં બુદ્ધિનો પ્રવેશ શક્ય નથી તેવા ઊંડાણવાળા હૃદયના, (અને) **સન્દેહવારકાઃ** – ભગવત્ શાસ્ત્ર વિષયમાં શ્રોતાઓના સંદેહોને દૂર કરનારા એવા, **સૂદાઃ** – જેનું જલ સુંદર-સમીચીન-સ્વાદવાળું અને ગુણકારક છે તેવા જલાશયના સમાન છે, **(શ્રુતિ - 'સરસ્યાભ્યઃ સ્વાહા' આઠમો ભાવ) પ્રેમયુક્તાઃ** – ભગવાનમાં પ્રેમથી યુક્ત થયેલા (એટલે કે લૌકિક સર્વ રાગથી નિવૃત્ત થયેલા), (તેમજ પહેલાના બે ભાવોમાં કહેવાયા મુજબના ભગવત્ શાસ્ત્રતત્પર, સન્દેહવારણ કરનારા એવા-) **બુધાઃ** – જ્ઞાનિઓ, **સરઃકમલસમ્પૂર્ણાઃ** – કમલોથી ભરપૂર એવા સરોવરના જળ સમાન છે ॥ ૬ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (શ્રુતિ - 'હ્રદ્યાભ્યઃ સ્વાહા' છઠ્ઠો ભાવ) (પોતાનો અભીષ્ટ અર્થ ગ્રહણ કરનારી અને શાસ્ત્રથી બનેલી બુદ્ધિવાળા શાસ્ત્રદૃષ્ટા) પંડિતો (જો)(ગીતા-ભાગવત-પંચરાત્ર-વારાહપુરાણ વગેરે) ભગવાન વડે કહેવાયેલા એવા શાસ્ત્રોમાં નિષ્ઠાવાળા (હોય) તો (તેઓ) હ્રદ (મોટી નદીના પ્રવાહમાં કોઈક એક સ્થળે નદીથી સંલગ્ન એવું સરોવર જેવું જલાશય કે જેમાં અગાધ જલ હોય તે હ્રદ, તેના-) સમાન કહેવાયેલા છે ॥ ૫॥ **(શ્રુતિ - 'સૂદ્યાભ્યઃ સ્વાહા' સાતમો ભાવ)** તેમાં પણ જેમના હૃદયમાં બુદ્ધિનો પ્રવેશ શક્ય નથી તેવા ઊંડાણવાળા હૃદયના, (અને) ભગવત્ શાસ્ત્ર વિષયમાં શ્રોતાઓના સંદેહોને દૂર કરનારા એવા, જેનું જલ સુંદર-સમીચીન-સ્વાદવાળું

અને ગુણકારક છે તેવા જલાશયના સમાન છે **(શ્રુતિ - ‘સરસ્યાભ્યઃ સ્વાહા’ આઠમો ભાવ)** ભગવાનમાં પ્રેમથી યુક્ત થયેલા (એટલે કે લૌકિક સર્વ રાગથી નિવૃત્ત થયેલા), (તેમજ પહેલાના બે ભાવોમાં કહેવાયા મુજબના ભગવત્ શાસ્ત્રતત્પર, સન્દેહવારણ કરનારા એવા) જ્ઞાનિઓ કમલોથી ભરપૂર એવા સરોવરના જળ સમાન છે ॥ ૬ ॥

અલ્પશ્રુતાઃ પ્રેમયુક્તા વેશન્તાઃ પરિકીર્તિતાઃ ।
કર્મશુદ્ધાઃ પલ્વલાનિ તથાલ્પશ્રુતિભક્તયઃ ॥ ૭ ॥

અન્વય – **(શ્રુતિ-‘વૈશન્તીભ્યઃ સ્વાહા’ નવમો ભાવ)** **અલ્પશ્રુતાઃ** – (શાસ્ત્રોનું) થોડું અધ્યયન અથવા થોડું શ્રવણ કરેલાઓ (જો), **પ્રેમયુક્તાઃ** – (ભગવાનમાં) પ્રેમથી યુક્ત થયેલા હોય (તો તેવાઓ), **વેશન્તાઃ** – (જેમાં દેડકાઓ જેવા નાના પ્રાણીઓ પ્રવેશીને તરી શકે તેવી) નાની તલાવડી જેવા, **પરિકીર્તિતાઃ** – કહ્યા છે, **(શ્રુતિ - ‘પલ્વલ્યાભ્યઃ સ્વાહા’ દશમો ભાવ)** **અલ્પશ્રુતભક્તયઃ** – (પૂર્વમાં કહેવાયા મુજબના) ઓછું અધ્યયન-શ્રવણ અને ઓછી ભક્તિવાળા, **તથા** – તેમજ (જો તેઓ), **કર્મશુદ્ધાઃ** – (ભગવાનને સર્વકર્મ અર્પણ કરનારા, ફલની આશા વિનાના અથવા કર્મનિર્હારના ઉદ્દેશથી કર્મ કરનારા) કર્મ વડે શુદ્ધ થયેલા (અને તેના અનુરૂપ શુદ્ધ ચિત્ત થયેલાઓ), **પલ્વલાનિ** – (જેમાં ભેંસો વગેરે મોટા પ્રાણીઓની પ્રવેશીને ગતિ થઈ શકે તેવી -પહેલાં કરતાં કંઈક મોટી) તલાવડી સમાન છે ॥ ૭ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (શ્રુતિ ‘વૈશન્તીભ્યઃ સ્વાહા’ નવમો ભાવ) (શાસ્ત્રોનું) થોડું અધ્યયન અથવા થોડું શ્રવણ કરેલાઓ (જો)(ભગવાનમાં) પ્રેમથી યુક્ત થયેલા હોય (તો તેવાઓ) (જેમાં દેડકાઓ જેવાં નાનાં પ્રાણીઓ પ્રવેશીને તરી શકે તેવી) નાની તલાવડી જેવા કહ્યા છે. **(શ્રુતિ - ‘પલ્વલ્યાભ્યઃ સ્વાહા’ દશમો ભાવ)** (પૂર્વમાં કહેવાયા મુજબના) ઓછું અધ્યયન-શ્રવણ અને ઓછી ભક્તિવાળા તેમજ (જો તેઓ) (ભગવાનને સર્વકર્મ અર્પણ કરનારા, ફલની આશા વિનાના અથવા કર્મનિર્હારના ઉદ્દેશથી કર્મ કરનારા) કર્મ વડે શુદ્ધ થયેલા (અને તેના અનુરૂપ શુદ્ધ ચિત્ત થયેલાઓ)(જેમાં ભેંસો વગેરે મોટા પ્રાણીઓની

પ્રવેશીને ગતિ થઈ શકે તેવી -પહેલાં કરતાં કંઈક મોટી) તલાવડી સમાન છે॥ ૭॥

યોગધ્યાનાદિસંયુક્તા ગુણા વર્ષ્યાઃ પ્રકીર્તિતાઃ ।
તપોજ્ઞાનાદિભાવેન સ્વેદજાસ્તુ પ્રકીર્તિતાઃ ॥ ૮ ॥

અન્વય – **(શ્રુતિ - ‘વર્ષ્યાભ્યઃ સ્વાહા’ અગિયારમો ભાવ)** **યોગ–ધ્યાનાદિસંયુક્તાઃ** – (અષ્ટાંગ)યોગ-ધ્યાન-(ધારણા) વગેરેથી સંયુક્ત (યોગી-ધ્યાની વગેરેમાં રહેલા), **ગુણાઃ** – ભગવાનના ગુણો, **વર્ષ્યાઃ** – વરસાદના જળ સમાન, **પ્રકીર્તિતાઃ** – કહેલા છે. **(શ્રુતિ - ‘અવર્ષ્યાભ્યઃ સ્વાહા’ બારમો ભાવ)** **તપોજ્ઞાનાદિભાવેન** – (કૃચ્છ્રચાન્દ્રાયણ-અનશન વગેરે રૂપનું) તપ, (સેશ્વર સાંખ્ય વગેરેથી સિદ્ધ થયેલું) જ્ઞાન (તથા ત્યાગ વગેરે)ના ભાવની વિદ્યમાનતા વડે (તપસ્વી-જ્ઞાની-ત્યાગી વગેરેમાં સંયુક્ત થયેલા ભગવાનના ગુણો), **સ્વેદજાઃ** – પરસેવા (પસીના)ના જળ સમાન, **પ્રકીર્તિતાઃ** – કહેલા છે ॥ ૮ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (શ્રુતિ - ‘વર્ષ્યાભ્યઃ સ્વાહા’ અગિયારમો ભાવ)(અષ્ટાંગ)યોગ-ધ્યાન-(ધારણા) વગેરેથી સંયુક્ત (યોગી-ધ્યાની વગેરેમાં રહેલા) ભગવાનના ગુણો વરસાદના જળ સમાન કહેલા છે. **(શ્રુતિ - ‘અવર્ષ્યાભ્યઃ સ્વાહા’ બારમો ભાવ)** (કૃચ્છ્રચાન્દ્રાયણ-અનશન વગેરે રૂપનું) તપ, (સેશ્વર સાંખ્ય વગેરેથી સિદ્ધ થયેલું) જ્ઞાન (તથા ત્યાગ વગેરે)ના ભાવની વિદ્યમાનતા વડે (તપસ્વી-જ્ઞાની-ત્યાગી વગેરેમાં સંયુક્ત થયેલા ભગવાનના ગુણો) પરસેવા (પસીના)ના જળ સમાન કહેલા છે ॥ ૮॥

અલૌકિકેન જ્ઞાનેન યે તુ પ્રોક્તા હરેર્ગુણાઃ ।
કાદાચિત્કાઃ શબ્દગમ્યાઃ પતચ્છબ્દાઃ પ્રકીર્તિતાઃ ॥ ૯ ॥

અન્વય – **(શ્રુતિ - ‘હ્રાદુનીભ્યઃ સ્વાહા’ તેરમો ભાવ)** (ભગવાનની કૃપા અથવા મોટાઓના અનુગ્રહથી ઉત્પન્ન થયેલ) **અલૌકિકેન** – અલૌકિક (લોકવિલક્ષણ), **જ્ઞાનેન** – જ્ઞાન વડે (યુક્ત થયેલા લોકો) (કે જે), **કાદાચિત્કાઃ** – ક્યારેક જ શ્રોતાઓને (સાંભળવા મળતા) **તુ** – અને, **શબ્દગમ્યાઃ** – તેમના મુખથી નીકળેલા શબ્દોથી જ જાણી શકાય તેવા, **યે**

– જે, **હરેઃ** – સર્વ દુઃખહર્તા શ્રીહરિના, **ગુણાઃ** – ગુણો (ભાવરૂપે જેમના હૃદયમાં સ્થિત છે તેવા લોકો), **પતત્ શબ્દાઃ** – પહાડ પરથી ધારારૂપે નીચે પડતાં ચારે બાજુ ફેલાઈને પ્રવાહિત થતા શબ્દ કરનારા એવા ધોધના જળના શબ્દ સમાન, **પ્રકીર્તિતાઃ** – કહેલા છે ॥ ૯ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (શ્રુતિ ‘હ્રાદુનીભ્યઃ સ્વાહા’ તેરમો ભાવ) (ભગવાનની કૃપા અથવા મોટાઓના અનુગ્રહથી ઉત્પન્ન થયેલ) અલૌકિક (લોકવિલક્ષાણ) જ્ઞાન વડે (યુક્ત થયેલા લોકો) (કે જે) ક્યારેક જ શ્રોતાઓને (સાંભળવા મળતા) અને તેમના મુખથી નીકળેલા શબ્દોથી જ જાણી શકાય તેવા જે સર્વ દુઃખહર્તા શ્રીહરિના ગુણો (ભાવરૂપે જેમના હૃદયમાં સ્થિત છે તેવા લોકો) પહાડ પરથી ધારારૂપે નીચે પડતાં ચારે બાજુ ફેલાઈને પ્રવાહિત થતા શબ્દ કરનારા એવા ધોધના જળના શબ્દ સમાન કહેલા છે ॥ ૯॥

(સારાંશમાં - મોટાઓના અનુગ્રહથી પ્રાપ્ત કરેલ જ્ઞાન વડે ક્યારેક જ તેમના મુખે સાંભળવા મળતા એવા પ્રભુના ગુણોના વક્તાઓ પહાડ પરથી પડતાં ઝરણાના શબ્દ સમાન છે) ॥ ૯ ॥

દેવાદ્યુપાસનોદ્ભૂતાઃ પૃષ્વા ભૂમેરિવોદ્ગતાઃ ।

અન્વય – (શ્રુતિ - ‘પૃષ્વાભ્યઃ સ્વાહા’ ચૌદમો ભાવ) દેવ – (વેદમાં અને પુરાણોમાં કહેલા શિવ, અગ્નિ, દુર્ગા, ગણપતિ વગેરે) દેવો, **આદિ** – (પિતૃગણ-માતૃગણ)વગેરેની, **ઉપાસના** – ઉપાસનાથી (તેમનું સ્વરૂપચિન્તન-સેવા વગેરે, તેનાથી), **ઉદ્ભૂતાઃ** – ઉદ્ભવ પામેલા - તેમનામાં દેખાતા, (એવા જ્ઞાન-બલ-સામર્થ્ય વગેરે ગુણો), **ભૂમેઃ** – જમીનમાંથી, **ઉદ્ગતાઃ** – જાણે કે ઉત્પન્ન થયા હોય, **ઈવ** – તેમ જણાતા, **પૃષ્વાઃ** – ઓસના બિન્દુઓ સમાન છે ॥ ૯ ૧/૨ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (શ્રુતિ - ‘પૃષ્વાભ્યઃ સ્વાહા’ ચૌદમો ભાવ) (વેદમાં અને પુરાણોમાં કહેલા શિવ, અગ્નિ, દુર્ગા, ગણપતિ વગેરે) દેવો (પિતૃગણ-માતૃગણ)વગેરેની ઉપાસનાથી (તેમનું સ્વરૂપચિન્તન-સેવા વગેરે, તેનાથી) ઉદ્ભવ પામેલા - તેમનામાં દેખાતા, (એવા જ્ઞાન-બલ-સામર્થ્ય વગેરે ગુણો) જમીનમાંથી જાણે કે ઉત્પન્ન થયા હોય તેમ જાણાતા ઓસના બિન્દુઓ સમાન છે ॥ ૯ ૧/૨ ॥

સાધનાદિપ્રકારેણ નવધા ભક્તિમાર્ગતઃ ॥ ૧૦ ॥
પ્રેમપૂર્ત્યા સ્ફુરદ્ધર્માઃ સ્યન્દમાનાઃ પ્રકીર્તિતાઃ ।

અન્વય – (શ્રુતિ - ‘સ્યન્દમાનાભ્યઃ સ્વાહા’ પંદરમો ભાવ) સાધન–આદિ પ્રકારેણ – (નિષ્કામભાવે વર્ણ-આશ્રમના ધર્મોનું પાલન કરવાનો જે મર્યાદામાર્ગીય પ્રકાર, તે) સાધનોપૂર્વક - તેનું આચરણ કરતાં, **નવધા** – નવ પ્રકારની (શ્રવણ-કીર્તન-વિષ્ણુનું સ્મરણ-પાદસેવન-અર્ચન-વન્દન-દાસ્ય-સખ્ય અને આત્મનિવેદન) ભક્તિનો ભગવત્ પ્રાપ્તિ ઉપાયરૂપ માર્ગ તેનાથી - તેનું આચરણ કરવાથી, **પ્રેમપૂર્ત્યા** – હૃદયમાં પ્રેમની વ્યાપ્તિ વડે, **સ્ફુરદ્ધર્માઃ** – જેમનામાં ભગવદ્ ધર્મો સ્ફુરાયમાન થાય છે તેઓ, **સ્યન્દમાનાઃ** – પહાડમાંથી ઝરતા ઝરણાના જળ સમાન છે ॥ ૧૦ ૧/૨ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (શ્રુતિ - ‘સ્યન્દમાનાભ્યઃ સ્વાહા’ પંદરમો ભાવ)(નિષ્કામભાવે વર્ણ-આશ્રમના ધર્મોનું પાલન કરવાનો જે મર્યાદામાર્ગીય પ્રકાર, તે) સાધનોપૂર્વક - તેનું આચરણ કરતાં નવ પ્રકારની (શ્રવણ-કીર્તન-વિષ્ણુનું સ્મરણ-પાદસેવન-અર્ચન-વન્દન-દાસ્ય-સખ્ય અને આત્મનિવેદન) ભક્તિનો ભગવત્ પ્રાપ્તિ ઉપાયરૂપ માર્ગ તેનાથી - તેનું આચરણ કરવાથી હૃદયમાં પ્રેમની વ્યાપ્તિ વડે જેમનામાં ભગવદ્ ધર્મો સ્ફુરાયમાન થાય છે તેઓ પહાડમાંથી ઝરતા ઝરણાના જળ સમાન છે ॥ ૧૦ ૧/૨ ॥

યાદશાસ્તાદશા પ્રોક્તા વૃધ્દ્વિક્ષય વિવર્જિતાઃ ॥ ૧૧ ॥
સ્થાવરાસ્તે મયા ખ્યાતા મર્યાદૈકપ્રતિષ્ઠિતાઃ ।

અન્વયઃ – (શ્રુતિ - ‘સ્થાવરાભ્યઃ સ્વાહા’ સોળમો ભાવ) યાદશાઃ – (ઉપરના ૧૫ માં ભાવમા) જે પ્રકારના, **પ્રોક્તાઃ** – કહ્યા છે, **તાદશાઃ** – તે પ્રકારના (ભગવદ્ગુણના આધાર બનેલા લોકો જો), **વૃધ્દ્વિક્ષયવિવર્જિતાઃ** – વૃદ્ધિ-ક્ષય રહિત (જેમનામાં ભાવની વૃદ્ધિ કે ક્ષય થતો ન હોય તે પ્રકારના), **મર્યાદૈકપ્રતિષ્ઠિતાઃ** – (કેવલ જે છે તે)

મર્યાદામાં જ એકમાત્ર સ્થિત થયેલા હોય તો, **તે** – તેઓ, **સ્થાવરાઃ** – સ્થિરજલ સમાન, **મયા** – મારા વડે, **ખ્યાતાઃ** – કહેલા છે ॥ ૧૧ ૧/૨ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – **(શ્રુતિ -'સ્થાવરાભ્યઃ સ્વાહા' સોળમો ભાવ)** (ઉપરના ૧૫ મા ભાવમાં) જે પ્રકારના કહ્યા છે તે પ્રકારના (ભગવદ્ગુણના આધાર બનેલા લોકો જો) વૃદ્ધિ-ક્ષય રહિત (જેમનામાં ભાવની વૃદ્ધિ કે ક્ષય થતો ન હોય તે પ્રકારના) (કેવલ જે છે તે) મર્યાદામાં જ એકમાત્ર સ્થિત થયેલા હોય તો તેઓ સ્થિરજલ સમાન મારા વડે કહેલા છે ॥ ૧૧ ૧/૨ ॥

અનેકજન્મસંસિદ્ધા જન્મપ્રભૃતિ સર્વદા ॥ ૧૨ ॥
સંગાદિગુણદોષાભ્યાં વૃદ્ધિક્ષયયુતા ભુવિ ।
નિરન્તરોદ્ગમયુતા નદ્યસ્તે પરિકીર્તિતાઃ ॥ ૧૩ ॥

અન્વય – **(શ્રુતિ -'નાદેયીભ્યઃ સ્વાહા' સત્તરમો ભાવ)** **અનેકજન્મસંસિદ્ધાઃ** – (પૂર્વના) અનેક જન્મો (માં તપ-જ્ઞાન-સમાધિ વગેરેમાં સત્કર્મ-સત્ પ્રયત્નો)થી સારી રીતે સિદ્ધ થયેલા-સિદ્ધિને પામેલા, **જન્મપ્રભૃતિ** – (આ જન્મમાં) જન્મથી આરંભીને, **ભુવિ** – પૃથિવીમાં, **સર્વદા** – હમેશાં-સર્વ સમયે, **સંગાદિગુણદોષાભ્યામ્** – સંગ વગેરે (સત્સંગ-દુઃસંગ વગેરે) ગુણ-દોષો વડે કરીને, **વૃદ્ધિ–ક્ષયયુતાઃ** – (જેમનો ભાવ) વૃદ્ધિ અને ક્ષય (વધ-ઘટ)ને પ્રાપ્ત થતો રહે છે તેવા (તેમ છતાં પણ) **નિરન્તર–ઉદ્ગમયુતાઃ** – નિરન્તર ભાવનો ઉદ્ગમ થતો રહે છે, **તે** – તેવા ભગવદ્ગુણ કહેનારા-વક્તાઓ, **નદ્યઃ** – (સાધારણ નાની -મોટી) નદીઓના સમાન, **પરિકીર્તિતાઃ** – કહેલા છે ॥ ૧૩ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – **(શ્રુતિ -'નાદેયીભ્યઃ સ્વાહા' સત્તરમો ભાવ)** (પૂર્વના) અનેક જન્મો (માં તપ-જ્ઞાન-સમાધિ વગેરેમાં સત્કર્મ-સત્ પ્રયત્નો)થી સારી રીતે સિદ્ધ થયેલા-સિદ્ધિને પામેલા (આ જન્મમાં) જન્મથી આરંભીને પૃથિવીમાં હમેશાં-સર્વ સમયે સંગ વગેરે (સત્સંગ-દુઃસંગ વગેરે) ગુણ-દોષો વડે કરીને (જેમનો ભાવ) વૃદ્ધિ અને ક્ષય (વધ-ઘટ)ને પ્રાપ્ત થતો રહે છે તેવા (તેમ છતાં પણ) નિરન્તર ભાવનો ઉદ્ગમ થતો રહે છે, તેવા ભગવદ્ગુણ કહેનારા-વક્તાઓ (સાધારણ નાની -મોટી) નદીઓના સમાન કહેલા છે ॥ ૧૩ ॥

એતાદશાઃ સ્વતંત્રાશ્ચેત્ સિન્ધવઃ પરિકીર્તિતાઃ ।

અન્વય – **(શ્રુતિ -'સૈન્ધવીભ્યઃ સ્વાહા' અઢારમો ભાવ)** **એતાદશાઃ** – આ પ્રકારના (૧૭ મા ભાવમાં કહ્યા મુજબના), **ચેત્** – જો, **સ્વતંત્રાઃ** – (સત્સંગ-દુઃસંગથી ભાવની વધ-ઘટ થાય તેવા નહીં પણ) સ્વતંત્ર (પોતાના જ ભાવવાળા હોય તો તે), **સૈન્ધવઃ** – સમુદ્રમાં મળનારી મહાનદી સમાન, **પરિકીર્તિતાઃ** – કહેલા છે ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – **(શ્રુતિ -'સૈન્ધવીભ્યઃ સ્વાહા' અઢારમો ભાવ)** આ પ્રકારના (૧૭ મા ભાવમાં કહ્યા મુજબના)જો (સત્સંગ-દુઃસંગથી ભાવની વધ-ઘટ થાય તેવા નહીં પણ) સ્વતંત્ર (પોતાના જ ભાવવાળા હોય તો તે) સમુદ્રમાં મળનારી મહાનદી સમાન કહેલા છે ॥ ૧૩ ૧/૨ ॥

પૂર્ણા ભગવદીયા યે શેષવ્યાસાગ્નિમારુતાઃ ॥ ૧૪ ॥
જડનારદમૈત્રાદ્યાસ્તે સમુદ્રાઃ પ્રકીર્તિતાઃ ।

અન્વય – **(શ્રુતિ -'સમુદ્રિયાભ્યઃ સ્વાહા' ઓગણીસમો ભાવ)** **શેષવ્યાસાગ્નિમારુતાઃ** – શેષ (સનતકુમારોને ઉપદેશ આપનારા સંકર્ષણ), વ્યાસ (ભગવાનનો જ્ઞાનાવતાર બાદરાયણ વ્યાસ), અગ્નિ (અગ્નિપુરાણના વક્તા), મારુત (વાયુપુરાણના વક્તા), **જડનારદમૈત્રાદ્યાઃ** – જડ (રહુગણરાજાને ઉપદેશ આપનાર જડભરતજી), નારદ (જે પ્રસિદ્ધ છે, સનતકુમારના શિષ્ય અને પ્રાચીન બર્હિના ગુરુ), મૈત્ર (વિદુરને ઉપદેશ આપનારા મૈત્રેય) આદિ (શિવ) વગેરે, **યે** – જેઓ, **પૂર્ણાઃ** – પૂર્ણ, **ભગવદીયાઃ** – ભગવદીયો છે, **તે** – તેઓ, **સમુદ્રાઃ** – સમુદ્ર જલ સમાન, **પ્રકીર્તિતાઃ** – કહેલા છે ॥ ૧૪ ૧/૨ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – **(શ્રુતિ -'સમુદ્રિયાભ્યઃ સ્વાહા' ઓગણીસમો ભાવ)** શેષ (સનતકુમારોને ઉપદેશ આપનારા સંકર્ષણ), વ્યાસ (ભગવાનનો જ્ઞાનાવતાર બાદરાયણ વ્યાસ), અગ્નિ (અગ્નિપુરાણના વક્તા), મારુત (વાયુપુરાણના વક્તા), જડ (રહુગણરાજાને ઉપદેશ આપનાર

જડભરતજી), નારદ (જે પ્રસિદ્ધ છે, સનતકુમારના શિષ્ય અને પ્રાચીન-બર્હિના ગુરુ), મૈત્ર (વિદુરને ઉપદેશ આપનારા મૈત્રેય) આદિ (શિવ) વગેરે જેઓ પૂર્ણ ભગવદીયો છે તેઓ સમુદ્ર જલ સમાન કહેલા છે ॥ ૧૪ $^{૧}/_{૨}$ ॥

('સમુદ્રિયાભ્યઃ સ્વાહા' શ્રુતિના અન્તર્ગત પુરાણ વગેરેમાં પ્રસિદ્ધ ભગવદીયોના ભેદ બે શ્લોક વડે)

લોકવેદગુણૈર્મિશ્રભાવેનૈકે હરેર્ગુણાન્ ॥ ૧૫ ॥
વર્ણયન્તિ સમુદ્રાસ્તે ક્ષારાદ્યાઃ ષટ્પ્રકીર્તિતાઃ ।

અન્વય – એકે – કેટલાક, **લોકવેદગુણૈઃ** – લોક-વેદ અને ગુણોના, **મિશ્રભાવેન** – મિશ્રભાવે, **હરેઃ** – શ્રીહરિના, **ગુણાન્** – ગુણોને, **વર્ણયન્તિ** – વાર્ણવે છે, **તે** – તેઓ, **ક્ષારાદ્યાઃ** – ખારો વગેરે (૧-ક્ષારોદ (ખારો), ૨-દધિમંડોદ (મઠાનો ખાટો), ૩-સુરોદ (માદક), ૪-ધૃતોદ (ઘીનો), ૫-ઈક્ષુરસોદ (શેરડીના રસનો), ૬- ક્ષીરોદ (દૂધનો), **ષટ્** – (ઉપર જાણાવેલ) છ, **સમુદ્રાઃ** – સમુદ્રો, **પ્રકીર્તિતાઃ** – કહેલા છે ॥ ૧૫ $^{૧}/_{૨}$ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – કેટલાક લોક-વેદ અને ગુણોના મિશ્રભાવે શ્રીહરિના ગુણોને વાર્ણવે છે તેઓ ખારો વગેરે (૧-ક્ષારોદ (ખારો), ૨-દધિમંડોદ (મઠાનો ખાટો), ૩-સુરોદ (માદક), ૪-ધૃતોદ (ઘીનો), ૫-ઈક્ષુરસોદ (શેરડીના રસનો), ૬- ક્ષીરોદ (દૂધનો), (ઉપર જાણાવેલ) છ સમુદ્રો કહેલા છે ॥ ૧૫ $^{૧}/_{૨}$ ॥

ગુણાતીતતયા શુદ્ધાન્ સચ્ચિદાનન્દરૂપિણઃ ॥ ૧૬ ॥
સર્વાનેવ ગુણાન્ વિષ્ણોર્વર્ણયન્તિ વિચક્ષણાઃ ।
તેઽમૃતોદાઃ સમાખ્યાતાસ્તદ્વાક્પાનં સુદુર્લભમ્ ॥ ૧૭ ॥

અન્વય – યે – જે, **વિચક્ષણાઃ** – સર્વજ્ઞ-બુદ્ધિમાનો, **ગુણાતીતતયા** – ગુણાતીતરૂપે (અથવા પોતાની ગુણાતીતતા વડે), **શુદ્ધાન્** – લોક-વેદ-ગુણના મિશ્રાણ વિના) શુદ્ધ, **સચ્ચિદાનન્દરૂપિણઃ** સચ્ચિદાનન્દરૂપ એવા, **વિષ્ણોઃ** – વિષ્ણુના (અથવા વિષ્ણુના સચ્ચિદાનન્દાત્મક એવા),

સર્વાન્ – બધા, **એવ** – જ, **ગુણાન્** – ગુણોનું, **વર્ણયન્તિ** – વાર્ણન કરે છે, **તે** – તેઓ, **અમૃતોદાઃ** – અમૃતજલ (શુદ્ધોદ સમુદ્ર) સમાન, **સમાખ્યાતાઃ** – સારી રીતે કહેલા છે, **તત્** – તેમની, **વાક્પાનમ્** – વાણીનું પાન, **સુદુર્લભમ્** – અત્યન્ત દુર્લભ છે ॥ ૧૭ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – જે સર્વજ્ઞ-બુદ્ધિમાનો ગુણાતીતરૂપે (અથવા પોતાની ગુણાતીતતા વડે) લોક-વેદ-ગુણના મિશ્રાણ વિના) શુદ્ધ સચ્ચિદાનન્દરૂપ એવા વિષ્ણુના (અથવા વિષ્ણુના સચ્ચિદાનન્દાત્મક એવા) બધા જ ગુણોનું વાર્ણન કરે છે તેઓ અમૃતજલ (શુદ્ધોદ સમુદ્ર) સમાન સારી રીતે કહેલા છે તેમની વાણીનું પાન અત્યન્ત દુર્લભ છે ॥ ૧૭ ॥

તાદશાનાં ક્વચિદ્વાક્યં દૂતાનામિવ વર્ણિતમ્ ।
અજામિલાકર્ણનવદ્ બિન્દુપાનં પ્રકીર્તિતમ્ ॥ ૧૮ ॥

અન્વય – તાદશાનામ્ – તેવાઓના (પણ), **ક્વચિત્** – (કોઈક અપરાધ વગેરેથી ભગવાનથી અલગ થયેલાને તેવા મહાપુરુષો દ્વારા ઉદ્ધાર કરવાનું ભગવાને વિચાર્યું હોય ત્યારે) ક્યારેક (તેવા મહાપુરુષોના મુખથી નીકળેલા ભગવત્ પ્રેરિત વાક્યો, **દૂતાનામ્** – (ભગવાનના) દૂતોનાં વાક્યોની, **ઈવ** – માફક (સાંભળવા મળે છે એમ), **વર્ણિતમ્** – ભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં) વાર્ણવામાં આવ્યું છે, (તે મુજબ) **અજામિલાકર્ણનવત્** – (બન્નેની પરસ્પર ચર્ચામાં યમદૂતો પ્રતિ વિષ્ણુ દૂતોનાં વાક્યો) અજામિલે સાંભળ્યાં તેની માફક (જો સાંભળવા મળે તો તેવું સાંભળેલું પણ), **બિન્દુપાનમ્** – બિન્દુપાન સમાન (તરસ્યાને એક શીતલ બિન્દુના પાન સમાન), **પ્રકીર્તિતમ્** – કહેવાયેલ છે ॥ ૧૮ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – તેવાઓના (પણ) (કોઈક અપરાધ વગેરેથી ભગવાનથી અલગ થયેલાને તેવા મહાપુરુષો દ્વારા ઉદ્ધાર કરવાનું ભગવાને વિચાર્યું હોય ત્યારે) ક્યારેક (તેવા મહાપુરુષોના મુખથી નીકળેલા ભગવત્ પ્રેરિત વાક્યો (ભગવાનના) દૂતોનાં વાક્યોની માફક (સાંભળવા મળે છે એમ) ભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં) વાર્ણવામાં આવ્યું છે, (તે મુજબ) (બન્નેની પરસ્પર ચર્ચામાં યમદૂતો પ્રતિ વિષ્ણુ દૂતોનાં વાક્યો) અજામિલે સાંભળ્યાં તેની માફક

(જો સાંભળવા મળે તો તેવું સાંભળેલું પણ)બિન્દુપાન સમાન (તરસ્યાને એક શીતલ બિન્દુના પાન સમાન) કહેવાયેલ છે ॥ ૧૮ ॥

રાગાજ્ઞાનાદિભાવાનાં સર્વથા નાશનં યદા ।
તદા લેહનમિત્યુક્તં સ્વાનન્દોદ્ગમકારણમ્ ॥ ૧૯ ॥

અન્વય – **યદા** – જ્યારે, **રાગ–અજ્ઞાન–આદિ ભાવાનામ્** – રાગ અને અજ્ઞાન જેના આદિમાં છે (એવા કામ-ક્રોધ વગેરે વિકારવાળા) ભાવોનો, **સર્વથા** – સર્વ પ્રકારે, **નાશનમ્** – નાશ-નિવૃત્તિ (અમૃતોદના વાકયથી થાય છે), **તદા** – ત્યારે (તે અમૃતોદની વાણીનું પાન), **સ્વાનન્દોદ્ગમ કારણમ્** – સ્વ = ભગવાનનો (જે સ્વરૂપાત્મક અથવા લીલાત્મક) આનન્દ તેના ઉચ્ચથી પ્રાકટ્યનું કારણ બને છે (ત્યારે એ પ્રકારનું વાક્પાન), **લેહનમ્** – આસ્વાદન કરવું (અથવા ચાટણ ચાટવું), **ઈતિ** – એમ, **ઉક્તમ્** – કહ્યું છે ॥ ૧૯ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – જ્યારે રાગ અને અજ્ઞાન જેના આદિમાં છે (એવા કામ-ક્રોધ વગેરે વિકારવાળા) ભાવોનો સર્વ પ્રકારે નાશ-નિવૃત્તિ (અમૃતોદના વાક્યથી થાય છે) ત્યારે (તે અમૃતોદની વાણીનું પાન) સ્વ = ભગવાનનો (જે સ્વરૂપાત્મક અથવા લીલાત્મક) આનન્દ તેના ઉચ્ચથી પ્રાકટ્યનું કારણ બને છે (ત્યારે એ પ્રકારનું વાક્પાન) આસ્વાદન કરવું (અથવા ચાટણ ચાટવું) એમ કહ્યું છે ॥ ૧૯ ॥

ઉદ્ધૃતોદકવત્ સર્વે પતિતોદક વત્ તથા ।
ઉક્તાતિરિક્તવાક્યાનિ ફલં વાપિ તથા તતઃ ॥ ૨૦ ॥

અન્વય – (શ્રુતિ - ‘સર્વાભ્યઃ સ્વાહા’ વીસમો ભાવ) **ઉક્તાતિરિક્તવાક્યાનિ – (ઉક્તાતિરિક્તાનાં વાક્યાનિ)** – ઉક્તથી અતિરિક્તનાં વાક્યો - (આ પહેલાં ૧૯ પ્રકારના કહેવાઈ ગયેલા ભાવો અને તેના આધારથી જુદા ભાવ અને આધાર વડે કહેવાયેલાં વાક્યો એ), **સર્વે** – બધા જ, ઉદ્ધૃતોદકવત્ -(કહેવાઈ ગયેલા જલ-આધારોમાંથી) ઉદ્ધૃત કરેલા-કાઢેલા જલ જેવા છે, **તથા** – તેમજ (અહીં કહેવાયેલા ભાવો સિવાયના બીજા ભાવો છે તે), **પતિતોદકવત્** – (પાત્ર વગેરેમાંથી) નીચે પડેલા જલ સમાન છે, **વા** – તેમજ (તેમને-ભાવના આધારને), **ફલમ્** – ફલ, **અપિ** – પણ, **તતઃ** તેમના ભાવને અનુરૂપ જ, **તથા** – તે મુજબનું જ થાય છે॥ ૨૦॥

ટિપ્પણસહિત ભાવાર્થ – ઉક્તથી અતિરિક્તનાં વાક્યો - (આ પહેલાં ૧૯ પ્રકારના કહેવાઈ ગયેલા ભાવો અને તેના આધારથી જુદા ભાવ અને આધાર વડે કહેવાયેલાં વાક્યો એ)બધા જ, ઉદ્ધૃતોદકવત્ -(કહેવાઈ ગયેલા જલ-આધારોમાંથી) ઉદ્ધૃત કરેલા-કાઢેલા જલ જેવા છે. તેમજ (અહીં કહેવાયેલા ભાવો સિવાયના બીજા ભાવો છે તે) (પાત્ર વગેરેમાંથી) નીચે પડેલા જલ સમાન છે. તેમજ (તેમને-ભાવ ના આધારને) ફલ પણ તેમના ભાવને અનુરૂપ જ તે મુજબનું જ થાય છે ॥ ૨૦ ॥

ઈતિ જીવેન્દ્રિયગતા નાનાભાવં ગતા ભુવિ ।
રૂપતઃ ફલતશ્ચૈવ ગુણા વિષ્ણોર્નિરૂપિતાઃ ॥ ૨૧ ॥

અન્વય – **ઈતિ** – આ પ્રકારે, **ભુવિ** – ભૂલોકમાં, **જીવ–ઈન્દ્રિયગતાઃ** – જીવો (શરીરથી વિશિષ્ટ થયેલ ચેતન) (અને) ઈન્દ્રિયો (મન-વાણી-ચક્ષુ-કર્ણ વગેરે) તેમાં ગયેલા-તેમાં સ્થિતિ કરીને રહેલા અને, **એવ** – તેમાં સ્થિત રહીને જ, **રૂપતઃ** – રૂપથી, **ચ** – અને, **ફલતઃ** – ફલથી, **નાનાભાવં ગતાઃ** અનેક ભાવોને પ્રાપ્ત થયેલા (એવા), **વિષ્ણોઃ** – સર્વ વ્યાપક એવા ભગવાન્ વિષ્ણુના, **ગુણાઃ** – ગુણો-ધર્મો, **નિરૂપિતાઃ** – સર્વથા પૂર્ણરૂપે કહ્યા છે ॥ ૨૧ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – આ પ્રકારે ભૂલોકમાં જીવો (શરીરથી વિશિષ્ટ થયેલ ચેતન) (અને) ઈન્દ્રિયો (મન-વાણી-ચક્ષુ-કર્ણ વગેરે) તેમાં ગયેલા-તેમાં સ્થિતિ કરીને રહેલા અને) તેમાં સ્થિત રહીને જ રૂપથી અને ફલથી અનેક ભાવોને પ્રાપ્ત થયેલા (એવા) સર્વ વ્યાપક એવા ભગવાન્ વિષ્ણુના ગુણો-ધર્મો સર્વથા પૂર્ણરૂપે કહ્યા છે ॥ ૨૧ ॥

આ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત જલભેદ ગ્રન્થનો ગો.ચન્દ્રગોપાલ દ્વારા કરાયેલ અન્વય - ટિપ્પણસહિત ભાવાર્થ પૂર્ણ થયો ॥ શ્રીઆચાર્યચરણાઃ પ્રસન્નોઽસ્તુ ॥